૭૧૮

ણામૂર્તિ બાલસાહિત્યમાળા

ાદનઃ ગિજુભાઈ • તારાબેન

# મારા ગોઠિયા

1600068



શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : પુસ્તક ૧૩ મું
સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# મારા ગોઠિયા

: લેખક :

ગિજુભાઈ

શારદામંદિર
અમદાવાદ ૭
૧૫૧
બાલમંદિર

卐

સુધારેલી કિંમત
રૂ. ૦-૭૫
આર. આર. શેઠની કું. મુંબઈ-૨.

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨
૧૯૬૩ *

: પ્રકાશક :
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨

: મુદ્રક :
જાુગલદાસ ચંપકલાલ-મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

અનુક્રમ

| | |
|---|---|
| હસનો | ૩ |
| વિશ્વો | ૭ |
| રામચંદ | ૧૧ |
| મગનો | ૧૬ |
| કનુડી | ૨૦ |
| 'લટપટ' | ૨૩ |
| 'લલાટપટલિખિત' | ૨૭ |
| રહેમતખાન ગવૈયો | ૩૦ |

કુલ નકલ ૧૫,૩૩૫

પહેલી આવૃત્તિ
ચાર મુદ્રણો
કુલ ૫૦૩૫

બીજી આવૃત્તિ
પાંચ મુદ્રણો
૯૧૫૦ નકલો

છઠ્ઠું મુદ્રણ
૧૧૫૦ નકલ
૨૬ : ૧૧ : ૬૩

# મારા ગોઠિયા

## હસનો

હસનો મારો નાનપણનો ગોઠિયો. હસનો ઊંચો ને હું નીચો; હસનો જાડો ને હું પાતળો; હસનો બળિયો ને હું નબળો; હસનો ઠોઠ ને હું હોશિયાર; હસનો ઘાંચી ને હું બ્રાહ્મણ; હસનો મિયાં ને હું મહારાજ. મિયાં-મહાદેવની અમારી ભાઈબંધી!

હસનો ને હું સાથે ભણતા. એક નિશાળે જતા; એક પાટલીએ બેસતા; સાથે મોંપાટ લેતા; સાથે કાંકરા ઘસતા; સાથે કૉપી લખતા; સાથે

નકશો જોતા; સાથે સાલો ગોખતા; સાથે સાથે રખડતા ને સાથે સાથે રઝળતા. હસનો ને હું સાથે ભણતા. અમે એક નિશાળના નિશાળિયા.

હસનાને કાંઈ ન આવડ્યું. ભણે એટલું ભૂલે ને ભૂલે એટલું ભણે. હસનો ઘણું ગોખે પણ જીભ વળે તો કે? એક આવડે ત્યાં બીજું ભૂલે ને બીજું આવડે ત્યાં પહેલું ભૂલે. તો યે અમે ભાઈબંધો. હું ય પહેલો પુરાવું ને હસનો ય પહેલો પુરાવે—હું જમણી કોરથી ને હસનો ડાબી કોરથી.

હસનાને કાંઈ ન આવડ્યું. ઈતિહાસ ન આવડ્યો, ભૂગોળ ન આવડી, ગણિત ન આવડ્યું, લેખાં ન આવડ્યાં; પૂરું લખતાં વાંચતાં પણ એને ન આવડ્યું.

મને તો બધું ય આવડ્યું. મને ઈતિહાસ આવડે, ભૂગોળ આવડે, ગણિત આવડે ને લેખાં ય આવડે; વાંચતાં ય આવડે ને લખતાં ય આવડે.

હસનો નિશાળેથી ઊઠી ગયો ને હું

નિશાળે જતો રહ્યો. પણ હસનો મારો ભાઈ-બંધ ને હું હસનાનો ભાઈબંધ, એમાં કાંઈ ભાઈબંધી તૂટે?

કેટલાં ય વર્ષો વહી ગયાં છે. તો યે હસનો મારો ભાઈબંધ ને હું હસનાનો દોસ્તદાર. હસનો ઘાણી હાંકે છે, ને હું શાળા હાંકું છું; હસનો તલ પીલે છે, ને હું લેખ પીલું છું; હસનો થડા ઉપર બેસે છે, હું ગાદી ઉપર બેસું છું; હસનો ગામડામાં, હું શહેરમાં; હસનો કતીડા જેવો, હું મડિયા જેવો; હસનો દાઢી રાખે ને હું મૂછો રાખું; હસનો કદાવર ને હું રેંસાઈ ગયેલો; હસનો બિચારો અભણ ને હું ખાસો ભણેલો. તો ય અમે ભાઈબંધો. પહેલેથી તે આજ લગીના ભાઈબંધો.

હું ફરવા જતો હોઉં; હસનો ઊંટને પાણી પાઈને આવે. હસનો કહેશે: "રામરામ."

હું કહું: "સલામ, સલામ."

હસનો કહેશે: "કાં ગિજુભાઈ?"

હું કહું: "કાં હસનભાઈ?"

હસનો કહેશે: "સાંભરે છે?"

હું કહું: "સાંભરે છે?"

હસનાના હાથમાં ઊંટની રાશ ને મારા હાથમાં લાકડી.

હું પૂછું: "હસન! સુખી છો?"

હસનો કહેશે: "આ ઘાણી પીલું છું ને દહાડા કાઢું છું. તમે સુખી છો?"

હું કહું: "હા ભાઈ! છોકરાં ભણાવું છું ને દહાડા ગુજારું છું."

હસનો હજી જાડો છે, હું પાતળો છું; હસનો ટંકે બે રોટલા ખાય છે, હું ફુલકાં ખાઉં છું; હસનો રાતોચોળ છે, હું ફિક્કો ફસ છું; હસનાને આંખે તેજ છે, મારી આંખે ચશમાં છે; હસનો હજી જુવાન છે, હું મારી જાતને ઘરડો કહું છું.

તો યે અમે ભાઈબંધો તો છીએ, ને ભાઈબંધો રહેવાના.

# વિશ્વો

"અહોહો, વિશ્વા! તું ક્યાંથી? આવ આવ. જો, ત્યાં ન બેસ; અહીં મારી પાસે ગાદી ઉપર બેસ."

"ના રે ભાઈ! તમારી પાસે કેમ બેસાય? તમે તો મોટા થઈ ગયા. અમે ગરીબ માણસ અહીં સારા!"

"અરે ગાંડો છે? હું વળી મોટો ક્યાંનો? આમ આવ, અહીં બેસ. આપણે તો સરખા."

"ના રે બાપુ! ક્યાં તમે મોટા કેળવણી ખાતાના ઉપરી અને ક્યાં હું એક નાનકડો મે'તાજી!"

"તે એમાં કાંઈ નહિ. ઘરમાં તો આપણે સરખા જ. નાનપણથી આપણે સાથે રમેલા. એમ મોટી નોકરી મળી તેથી શું થઈ ગયું? કોણ, બહાર કોણ છે?"

"જી!"

"ઘરમાંથી બોલાવ તો?"

"આ આવી. કહો, શું કામ છે?"

"આ મારો ભાઈબંધ આવ્યો છે, વિશ્વો.. તું ઓળખે છે?"

"લ્યો, હું ક્યાંથી ઓળખું? તમે કોઈ દિવસ બતાવો ત્યારે ના?"

"જો, આ મારો નાનપણનો ભાઈબંધ છે. અમે સાથે ભણતા. હમણાં એ કરજણ ગામનો મહેતાજી છે. જો ને, એને માટે દૂધ લાવ તો? ને એ અહીં જમશે."

"અરે સાહેબ! રહેવા દ્યો ને, નાહકની તસદી કાં?"

"અરે વિશ્વા! સાહેબ કોને કહે છે? અહીં હું કાંઈ ખાતાનો ઉપરી છું?"

"પણ...."

"ચાલ ચાલ, લે આ દૂધ આવ્યું; પી જોઈએ?"

"અરે પણ આટલું બધું?"

"પી જા ઝટ, નહિતર ગળે રેડીશ."

"કોણ, પટાવાળો?"

"જી."

"ભાઈને માટે પાનસોપારી લાવ. વિશ્વા! હવે પાનસોપારી ખા. કેમ વિશ્વા! નિશાળમાં છોકરા કેટલા છે?"

"જી...."

"વળી જી?"

"ત્યારે હું કહું? તમે મારા ઉપરી તો ખરા ને?"

"પણ અહીં શું તારો ઉપરી નથી. અહીં તો હું તારો ચમન. ચમન કહીને બોલાવ."

"સાહેબ! મારાથી એવું નહિ બને; મારામાં હજી વિવેક છે."

"ગાંડો છે! ઠીક, તારી નિશાળ તને ગમે છે કે?"

"હા, ગમે તો છે. એ તો ગમે જ ના?"

"જી! ગરમ પાણી તૈયાર છે."

"ચાલો, ભાઈને નવરાવો. મારું પીતાંબર પહેરવા આપો."

"ચમનભાઈ! તમે તો આજે મારે માટે

બહુ કરો છો. બહેન! આટલી બધી તસદી શા માટે લીધી?"

"અરે ગાંડા! એ તો તારી ભાભી કહેવાય!"

"પણ મારાથી ભાભી ન કહેવાય."

"તો વિશ્વાભાઈ! તમારી સાથે નહિ બોલું. બા-બહેન કહેવાવાળા તો ઘણા છે; મારે તો દિયેર જોઈએ છે."

"કાં વિશ્વાભાઈ! થયું કે? કહો હવે ભાભી."

"ભાઈશા'બ! તમે તો બહુ કરો છો."

વિશ્વો જમી ઊઠ્યો. હું અને એ દીવાનખાનામાં બેઠા. છોકરાં આવ્યાં ને એની બા પણ આવી. બધાં બેઠાં ને વિશ્વાની જૂની જૂની વાતો મેં કહી સંભળાવી.

વિશ્વો રજા લઈ ઊઠ્યો. બોલ્યો : "ભાઈ! મારે માટે આજે બહુ કરી. ભાભી...."

વિશ્વાની આંખમાં આંસુ આવી ગયાં. વિશ્વો તે લૂછતો લૂછતો ગયો.

# રામચંદ્ર

ગામ વચ્ચે જ દુકાન છે. બધા એને રામચંદ પાનવાળો કહે છે. એનાં પાન વખાણુમાં. એની ધાણાની દાળ વખાણુમાં. બધા ત્યાં જ પાનધાણા લે છે. હું બજારમાંથી નીકળ્યો ને એણે મને સલામ ભરી. મેં સલામ પાછી વાળી.

મેં કોટ પહેર્યો હતો, પાટલૂન પહેર્યું હતું, ચશ્માં ચડાવ્યાં હતાં. પાછળ માણસો હતા; મારાં પુસ્તકો ઉપાડીને આવતા હતા.

હું કોર્ટે જતો હતો; પાનવાળાની સામે મેં પૂરું પાધરું જોયું પણ નહિ.

કોર્ટમાંથી પાછો ફર્યો ને દુકાન પાસેથી નીકળ્યો.

ફરી એણે સલામ ભરી.

"વકીલસાહેબ! ધાણાની દાળ સારી બનાવી છે. જરા ચાખતા જશો?"

હું ઊભો રહ્યો ને ધાણાની દાળ ચાખી. એણે એક પાન બનાવ્યું; માનથી મેં લીધું. મેં કહ્યું: "એક શેર દાળ મોકલી આપજે."

હું ત્યાંથી આગળ ગયો. પણ મનમાં વિચાર આવ્યો, પાછો ફર્યો, ને માનથી પૂછ્યું: "તમારું નામ?"

"રામચંદ."

"આ દુકાન તમારી?"

"હા સાહેબ!"

"કેટલાં વરસથી દુકાન કરો છો?"

"દસ વરસથી."

"ને પહેલાં શું કરતા હતા?"

"પહેલાં માસ્તર હતો."

"ક્યાં હતા?"

"આ ગામની નિશાળમાં."

"ગુજરાતી કે અંગ્રેજી?"

"ગુજરાતી."

"કયા ધોરણમાં?"

"પહેલા ધોરણમાં."

"એમ? તમે માસ્તર હતા? રામચંદ મહેતાજી, ખરું કે?"

"હા, વકીલસાહેબ!"

"ત્યારે, મને ઓળખ્યો કે?"

"ના, વકીલસાહેબ! હું તમને ક્યાંથી ઓળખું?"

"મારું નામ રામજીભાઈ. મને તમે રામલો કહેતા."

"તે તમે કોના દીકરા?"

"ભાનુપ્રસાદ ન્યાયાધીશનો."

"અહોહો, રામજીભાઈ! તમે તો મોટા થઈ ગયા! મેં તો તમને ઓળખ્યા યે નહિ: બેસો બેસો, રામજીભાઈ! તમે દુકાને ક્યાંથી?"

"માસ્તરસાહેબ! સાંભરે છે, તમે અમને

સાકરટેટી અને ચીભડાં ખવરાતા તે?"

"હા હા, સાંભરે જ છે તો!"

"ને માસ્તરસાહેબ! પેલા રઘુડાને ન આવડતું ને તમે અંગૂઠા પકડાવતા?"

"ખરી વાત, રામજીભાઈ! ભણુવામાં બધા ક્યાંથી હોશિયાર હોય? એ રહ્યો રઘુડો; ગામમાં મજૂરી કરી ખાય છે."

"માસ્તરસાહેબ! છો તો સુખી ને?"

"હા, ભાઈ! ઠીક છે. આ હમણાં તો દુકાન સારી ચાલે છે."

"કેમ, છોકરાંછૈયાં...."

"એમ તો ભગવાનની દયા છે. બે દીકરા ને એક દીકરી. દીકરો બી.એ.માં છે."

"ઠીક ઠીક, માસ્તરસાહેબ! બહુ સારું થયું આપણે મળ્યા તે."

"અરે, મને કેવું સારું લાગ્યું! તમે ક્યાંથી, મારા જૂના નિશાળિયા? રામજીભાઈ! કાલે મારે ત્યાં જમવાનું."

"ના, માસ્તરસાહેબ! અત્યારે તો જવું

છે. બીજે ગામ કાલે કેસ છે."

"એ આવજો, રામજીભાઈ!"

"એ હો, રામચંદભાઈ!"

"એ રામ રામ."

"એ રામરામ, રામરામ!"

હું ત્યાંથી ચાલી નીકળ્યો. રામચંદભાઈ જોઈ રહ્યા. બન્નેની આંખો ભીની હતી.

# મગનો

"ઓહો, મગના! તું અહીં છો કે?"

"હા, હું અહીં છું?"

"તે અહીં શું કરે છે?"

"તું જ કહે ને? મારા વેશ પરથી નથી સમજતો?"

"તું પોલીસખાતામાં લાગે છે."

"હા, એમ જ. હમણાં જ હું જમાદાર થયો."

"ઓહો, ત્યારે તો મારે તને જમાદાર-સાહેબ કહેવું પડશે; તારાથી બીવું પડશે!"

એ તો બીજા લોકો બીએ, ચોર લોકો. તારે શા માટે બીવું વડે?"

"પણ તું તો પોલીસ કહેવાય."

"તો તો મારાથી તને 'તું' પણ ન કહેવાય. તું તો મોટો વકીલ થઈ ગયો. હવેથી તને વકીલસાહેબ કહેવું પડશે."

"ઠીક હવે જવા દે ને! તું તે તું, ને હું તે હું. આપણે તો નાનપણના ગોઠિયા. તું મગનો ને હું નાનકો. ઘરડા થઈએ તો ય એ કાંઈ મટશે? ઠીક; પણ તારું કેમ ચાલે છે?"

"ચાલે છે; જો ને, પોલીસનું ચાલે એવું."

"છોકરાંછયાં ઠીક છે ને? કેટલી વસ્તી છે?"

"હા, એમ તો ઠીક છે. બે છોકરા છે ને ત્રણ દીકરીઓ છે."

"વાહ, ત્યારે તું પાંચ છોકરાંનો બાપ! તને બધાં 'બાપ' કહેતા હશે!"

"તે ત્યારે તને વળી શું કહે છે? એ તો એમ જ તો! મને બાપા કહે નહિ, તો શું નામે બોલાવે?"

"કેમ, તબિયત કેમ રહે છે?"

" ઠીક રહે છે. પણ હમણાં મંદવાડ ગયા પછીથી શરીર જરા પાછું પડી ગયું છે. હવે થોડાએક દિવસની રજા લેવી છે."

" તે લે લે; જરા આરામ જોઇએ ના?"

" તે તારા જેવું કાંઈ છે? અમારે તો નોકરીના ઢસરડા! તું મોટો વકીલસાહેબ! વેણે વેણે રૂપિયા મળે, ને ગાડીઓમાં ફરવું-હરવું ને મજા કરવી!"

" એ તો હવે આપણા પ્રારબ્ધનું. પણ તું એ બાજુ આવતો કાં નથી?"

" ક્યારે આવું? આમાંથી છુટાય એવું ક્યાં છે?"

" ઠીક ઠીક, ત્યારે હું આવીશ. તું ક્યાં રહે છે? મારે તારાં છોકરાં જોવાં છે."

" વાહ! તો તો તારો મોટો ઉપકાર! મને એમ કે મોટા વકીલસાહેબ ગરીબને ત્યાં ક્યાંથી આવે?"

" પણ આપણે તો નાનપણના ભાઇબંધો. એમાં ગરીબ પૈસાદારનું ક્યાં છે? એકબીજાને

ત્યાં જઈએ જ તો !"

"ઠીક ઠીક, કાલે જરૂર આવજે. જો હું પણે રહું છું."

"જરૂર આવીશ."

મગનો અને હું સાથે રમતા, ભમતા ને ભણતા. બધાને સરખું આવડતું ને સૌ સરખા દીસતા. પણ કોણ જાણે મગનો ઊઠી ગયો ને હું ભણ્યો; કોણ જાણે મગનો પોલીસ થયો ને હું વકીલ થયો; કોણ જાણે મગનો ગરીબ રહ્યો ને મારી પાસે પાંચ પૈસા થયા.

નાનપણમાં તો બધા સરખા હતા; મોટપણે જુદા પડી ગયા.

# કનુડી

કનુડી અમારા પાડોશીની દીકરી. હું પાડોશીનો છોકરો.

કનુડી દસ વરસની ને હું નવ વરસનો.

કનુડી મારાથી મોટી ને હું એનાથી નાનો.

અમારું ઘર ઠીક ઠીક, ને કનુડીનું ઘર ગરીબ. મારા બાપા વકીલ ને કનના બાપા લોટ માગે.

અમે તો રોજ ને રોજ દાળ, ભાત, રોટલી ને શાક ખાઈએ; કનુ બિચારી રોટલો ને છાશ ખાય. હું તો રોજ કપડાં બદલું ને ધોબીનાં ધોયેલાં પહેરું; કનુડી બિચારી ક્યાંથી; કાઢે? એને ફાટેલતૂટેલ ઘાઘરી ને જૂનીપાની ચૂંદડી.

બા મને નવરાવે, ધોવરાવે ને આંજણુ આંજે; માથામાં તેલ નાખે. કનુની બા મરી

ગયેલી. એને માથે કોણ નવરાવે? એને તેલ કોણ નાખે? એનું માથું કોણ ઓળે? બિચારી જૂંથરી જેવી લાગે.

કનુ ને અમે શેરીમાં રમીએ. એ એના ખાંચામાંથી આવે ને હું મારા ખાંચામાંથી આવું; ગંગડી એને ઘેરથી આવે ને લખુડો એને ત્યાંથી આવે. બધાં 'ઝાલકો દાવ' રમીએ; 'ગણુગણુ બોસલો' રમીએ.

કનુડી ગરીબ, પણ રમતાં સરસ આવડે. કનુડી જૂંથરી જેવી, પણ સંતાતાં સારું આવડે. કનુડી મેલી, પણ દોડવામાં પહેલી. સૌથી આગળ કનુડી ને અમે એની પાછળ પાછળ.

શેરી શેરીનાં છોકરાં લડે તો કનુડી એમાં પહેલી; સામી શેરીવાળાંને હાંકી કાઢે. એવા પથ્થરના ઘા કરે, એવા ઘા કરે, કે બસ! ઘા કરતાં એક વાર એને ય લાગેલું. પણ કનુડી ભારે જોરદાર હતી. લોહી જાય ચાલ્યું પણ ઊંકારો ન કર્યો.

કનુડી મારે ઘેર આવે. બા કહેશે: "ભાઈ!

કનુને એક કેરી આપજે. નાનુ! કનુને બે આલુ આપજે." બા એને પાઈ આપતી, પૈસો આપતી ને રાજી કરતી.

કનુડી બે ચોપડી ભણીને ઊઠી ગઈ. હું તો રોજ ભણતો હતો. કનુડી મોટી થઈ ને પરણી ગઈ; પરણીને એ સાસરે ગઈ; સાસરે જઈને બા થઈ.

અમે એમ જુદાં જુદાં થઈ ગયાં; ક્યાં કનુડી ને ક્યાં હું!

એક વાર મળી ગયાં. ઘણાં વરસો થઈ ગયેલાં. એકાએક મળી ગયાં. અણસાર આવ્યો ને મેં પૂછ્યું: "કનુબા! અહીં છો કે?"

કનુ કહે: "નાનુભાઈ! તું ક્યાંથી?"

કનુ મને ઘેર લઈ ગઈ. કોથળો નાખી બેસાર્યો. ભાણાભાઈને ખોળામાં આપ્યો. સુખ-દુ:ખની વાતો કરી. નાનપણને સંભાર્યું, ને સંભારીને રાજી થયાં.

# ‘ લટપટ ’

‘ લટપટ ’ અમારો ભાઈબંધ.

લટપટ નામ અમે પાડેલું. શા સારુ પાડેલું એ નથી સાંભરતું, પણ પાડેલું ખરું. કદાચ એક કારણે પાડેલું હોય. એના કાન આગળ ગોળ સુંવાળું ચાઠું હતું. અમે ત્યાં હાથ ફેરવતા ને ‘લટપટ’ ‘લટપટ’ એમ બોલતા. આ એનું કારણ હોય તો.

લટપટ પાતળિયો ને નીચકડો. એવો તો ચપળ કે જાણે ચપટીમાં ય ન આવે! લટપટ બટકબોલો ને ચિબાવલો. બોલ્યે ચાલ્યે ન બંધાય.

લટપટ ને અમે ભેગા રમેલા. ગાડી ગાડી રમતા; નાટક નાટક રમતા. અમે બધા ગાર્ડ

થઈએ, માસ્તર થઈએ, એંજિન થઈએ, ડબ્બા થઈએ. લટપટ કહેશે હું હવે શિકારી થાઉં. લટપટ ગાડીમાં બેસીને શિકાર કરવા નીકળે.

અમે બધા રાજા થઈએ, પ્રધાન થઈએ, સિપાઈ થઈએ. લટપટ સુમતિવિલાસ થાય ને સુંદર વેશ કાઢે. અમે 'સંગીત લીલાવતી' નું નાટક ભજવતા.

લટપટ તરવામાં જબરો. અમે બધાં નિશાળે જઈએ; લટપટ નદીએ જાય. અમે બધા ભણતર ભણીએ; લટપટ તર્યા કરે. અમે બધા ઘેર આવીએ; લટપટ પણ ઘેર આવે.

લટપટ લડવામાં ય પૂરો. મારી નાખો પણ મીના ન ભણે. ગૂંદી નાખો પણ 'ઊં' ન કરે. અમે ય બધા લડીએ પણ લટપટ કોઈથી ન થવાય. લટપટ એટલે તો લટપટ! ઠોંસાં ખાય, સોટી ખાય, ગમે તે ખાય, પણ 'હાર્યો' એમ કદી ન બોલે.

અમે બધા ગામડામાં ભેગા હતા. એ દિવસો તો ચાલ્યા ગયા. પછી તો અમે જુદા

પડી ગયા. એ ક્યાંનો ક્યાં ગયો ને અમે અહીંના અહીં રહ્યા. એ આફ્રિકા ગયો, જાપાન ગયો, ઇંગ્લાંડ ગયો; ક્યાંનો ક્યાં એ ગયો. કેટલા યે દેશ જોયા; કેટલાં યે કામાં કર્યાં. વેપાર કર્યો, નોકરી કરી; જે જડ્યું તે કર્યું, અમે તો બધા અહીં હતા. ભણતા હતા, ગણતા હતા; નોકરી કરી, છોકરા ભણાવ્યા; આવું આવું અમે કર્યું.

એક દિવસ લટપટ અહીં આવ્યો. સારું થયું કે ખબર આપેલી. અસલ જાણે સાહેબ! વેશેકેશે સાહેબ; રીતેભાતે સાહેબ; બોલાવે-ચલાવે સાહેબ; બધી રીતે સાહેબ. સાહેબ જેમ જ રહેલો ને સાહેબ જેમ જ શીખેલો. પણ અમે કહ્યું: "ક્યાં છે પેલું લટપટ?" ને લટપટ હસી પડ્યો.

જૂની વાતો કાઢી, જૂનાં પડો ઉખેડ્યાં; જૂના જોગી ભેગી થયેલા.

જૂનું કોઈ ભૂલે કે? દેશ જાય, પરદેશ જાય, બદલાઈ જાય, સદલાઈ જાય, પણ જૂની વાત ભુલાય કે? તરવાની ને રમવાની ને

લડવાની ને બધી વાત કરી નાખી.

ને લટપટ કાંઈ હોંશિયાર થયેલો! અંગ્રેજી કાંઈ બોલે! એને તો ફ્રેન્ચ આવડે, જાપાનીઝ આવડે, બેપાંચ ભાષા આવડે. ને કેટકેટલું વાંચેલું! કેટલાં બધાં ચોપડાં!

લટપટ પાછો ચાલ્યો ગયો. અમેરિકામાં ગયો. કહે છે કે એ વેપાર કરે છે. કહે છે કે એ ત્યાં સુખી છે. કહે છે કે એ અમને સંભારે છે.

# ‘ લલાટપટલિખિતં ’

મારે દિશાએ જવું ને રોજ પાણી ભરીને એમને સામે આવવું.

મને ઊભો રાખે ને કહે: “ભાઈ! શું કહું? લલાટપટલિખિતં! ભગવાને લખ્યું કાંઈ મિથ્યા થાય છે? જો ને ભાઈ! નહિ તો આવું શું કામ થાય? ક્યાંનો ઈ અને ક્યાંની મારી દીકરી! ક્યાંની સીતા ને ક્યાંનો રાવણ! ભાઈ, લલાટપટલિખિતં! વિધાતાના લેખ હશે ના, નીકર મારે માથે શી પીડા હોય?”

મને થાય કે “એ ચાલી રામાયણની! હવે કલાક અરધો કલાક નહિ છુટાય. ચાલશે હવે રોજનું મોટું ભાગવત!”

ત્યાં તો એ બોલે: “આ તો તું છો;

માટ છો તે તને બધું કહેવાય. તું તો ભણેલો ગણેલો તે બધું સમજે. ને તું કોણ? કાશીનો દીકરો. કાશી ક્યાંઈ થોડી થવી છે? ભગવતી-રૂપ હતી, ઈ બાઈ તો!"

હું મનમાં અકળાઉં કે "દિશાએ જવું છે ને આ લપ ક્યાં લાગી?" માથે ભરેલું બેડું હોય પણ એ તો ઊભાં તે ઊભાં જ! હું જરા ચાલવાનું કરું તો કહેશે: "ભાઇ! તું તો અહીં પાંચ દિવસ છો; તું તો સમજુ છો. તને કહું કે તું હવે ઓલ્યા ગાંડાને જરાક સમજાવે તો? એવો ગાંડો તે કયા કરમે મારી દીકરીને કપાળે માંડ્યો હશે?"

હું ચૌદ વરસનો ને આ બાઈ પિસ્તાલીશ વરસનાં. મારે એમને શું કહેવું?

હું કહું: "એ તો ભગવાનની માયા છે. જે થવાનું હોય તે થાય."

બાઈ કહેશે: "હં હવે મારે વા'લે સાચું કીધું. નીકર કાગડાને કોટે દહીંથરું હોય?"

માટ=ખાસ સંબંધ ધરાવનાર; વિશ્વાસું

ઈ રખડાઉને વળી કોણ દેતું'તું? પણ ભાઈ! લલાટપટલિખિતં. વિધાતાના લેખ હોય તે મિથ્યા-થાય છે?"

હું હવે ઉતાવળો થાઉં. પણ બાઈ તો જાણે ખીલો ખોડ્યાં! ઝટ પતાવવા કહું: "ફૈબા! હું તમારે ત્યાં આવી જઈશ. હમણાં...."

"તે ભાઈ! ઘેર તો આવવું જ જોવે ના? ને ત્યારે તો માંડીને કહીશ. આ તો મનમાં થાય છે કે આ વિધાતા જો ને? મોટા મોટા રાજાનું ન રહ્યું તો આપણે તો વળી કયા લેખામાં? આપણે તો રહ્યાં ગરીબ! ખોરી જાર મળે ઈ ખાઈએ ને જીવીએ!"

હું કાને જનોઈ ચડાવું ને લોટો હલાવું.

બાઈ કહેશે: "જો ભા! હવે મોડું થાય છે; જઈ આવ. જો ભા! મનમાં રાખજે. દુઃખની વાત કોને કહેવાય? માટ હોય એને કહેવાય. કીધે હૈયું ખાલી થાય. બાકી તો ભગવાને માંડ્યું હોય ઈ થાય. લલાટપટલિખિતં!"

# રહેમતખાન ગવૈયો

"શું ગિરજાશંકરભાઈ! આખો દહાડો બસ વાંચ્યા જ કરશો! માથું બી દુખતું નથી? આવડાં પોથાં વાંચીને શું કરવું છે? યાર, જરા લહેર તો ઉડાવો! ચાલો આજે એક બિહાગ સાંભળો જોઈએ? રહેમતખાન બીજા કોઈને નહિ સંભળાવે. એ તો ગિરજાશંકરભાઈને જ! એની શી વાત? સાંભળો—

"આ........"

રહેમતખાન આદરે. પાલી જેવડું મોઢું ફાટે, આંખો ચડી જાય, કપાળે કરચલી પડે, ગળાની રગો ખૂબ તણાય, અને રહેમતખાન ગવૈયો આલાપ કરે.

વચ્ચે વળી કહેશે: "ગિરજાશંકરભાઈ!

આ બિહાગનો આલાપ થયો. શું પણ બીજા ગવૈયા? આજ કાલ સંગીત જેવી ચીજને વેચે છે! ભાંડભવાયા જેમ જ્યાં ત્યાં જાય ને જેમ તેમ આરડે છે. આ તો ગિરજાશંકર-ભાઈનું ઘર! મહોબ્બતથી થાય તે પૈસાથી નહિ થાય. આપની સાથે તો એવી મહોબ્બત છે. ગિરજાશંકરભાઇ કહે તો રહેમતખાન ચાર શું ચોવીસ ઘંટા ગાયા કરે. પણ એ તો દિલની વાત! હુકમથી રહેમતખાન એક અરધો કલાક પણ સારું ન ગાય. અચ્છા, સુનીએ—

"આ........"

મને થાય કે કોઈ રીતે આમાંથી છૂટું! આ તે આલાપ કે આ તે મોટું આરડું? એક તો મારે વાંચવું હોય; રોજનાં બસો પાનાં વાંચવાં હોય; એમાં મારે રહેમતખાનને ક્યાં સાંભળવો? કાંઈક સૂરીલું ગળું હોત તો ઠીક હતું; આલાપબાલાપ ન હોત તો ચાલત. પણ આ મોટો ગધેડા જેવો ભેંકડો સાંભળવો તે કોને ગમે?

રહેમતખાન તો ઊંધા પગ નાખી મારી સામે બેસીને કહે: "ગિરજાશંકરભાઈ! એક બીજી ચીજ કરું છું."

હવે મારે ના શી રીતે પાડવી? વાતમાં દસ વાર કહે કે 'આપની કાંઈ મહોબ્બત!' એને કાંઈ એમ કહેવાય કે ભાઈ મહોબ્બત ખરી, પણ મારે તારો રાગડો નથી સાંભળવો? ગવૈયાની જાત! હું જાનું ને? આડીઅવળી વાત કરું તો યે કહેશે: "દેખાજી, યે ચીજ બહોત અચ્છી હૈ. દેખો ગિરજાશંકરભાઈ! ઘર પર આ કર કાન સુનાતા હૈ? યે તો મહો-બ્બતકી બાત હૈ! મહોબ્બતકી કિંમત હૈ."

કેમે કરી રહેમતખાન જાય?

"દામુભાઈ! ચા લાવો ને, રહેમતખાન માટે? રહેમતખાનને મોડું થાય છે: ક્યારના ગાય છે, તે જરા આરામ કરે."

"ક્યા ભાઈ! ચાકે લિયે મેં ગાતા હું? ચા ક્યા બડી બાત હૈ? ગિરજાશંકરભાઈ! ઇધર સુનનેવાલા ભી કૌન હૈ? આપ જસે એક

દો કદરદાન હૈ તો દિલ જરા ખુલતા હૈ; અગર વો પૈંતીસ રૂપિયે મહિને કે ખિલાતા હૈ ઉસકો ભી સંગીતમેં અચ્છા જાન નહિ પડતા હૈ!"

હું મનમાં હસું કે હું સંગીતમાં ઠીક જાણું છું. રહેમતખાન પણ બેવકૂફ ને હું પણ .... મારી આગળ એનું સંગીત ભેંસ આગળ ભાગવત! પણ શું કરું? રહેમતખાન મને છોડે જ નહિ.

"દેખો યે આશાવરીકી ધૂન હૈ—

"ત........ત........"

"અરે દાસુ! ચા લાવ્યો કે?"

"ત........ત........"

× × ×

"ગિરજાશંકરભાઈ! આપકે ઘરકી ચા જેસી તો રાજેલોક ભી નહિ પીતે!"

હું જરા મોઢું મરકાવું. ઉસ્તાદજીને પાન આપું, સોપારી આપું.

ખોંખારો મારીને ઉસ્તાદજી કહે: "અચ્છા ગિરજાશંકરભાઇ! મેં આપકી રજા લેતા હું.

આજ તો મૈં જરા દેરસે આયા થા ઔર જાનેકી ઉતાવળ હૈ. મગર કલ અચ્છી તરહસે સુનાઉંગા. ક્યા, ગિરજાશંકરભાઈકી પાસ નોકરીકી બાત હૈ? વો તો મહોબ્બતકી બાત હૈ. મહોબ્બતસે કામ કરના વો હી ખરા હૈ; ઇસમેં હી ખરી લિજ્જત હૈ. ગિરજાશંકરભાઈ! અચ્છા, મૈં જાતા હું."

"રહેમતખાન! આવજે."

ચોપડીઓ લઈને હું વાંચવા બેસું. વાંચતાં વાંચતાં મનમાં થાય કે "કાલે વળી રહેમતખાન આવશે ને નવી ચીજ સંભળાવશે! એનું શું કરવું?"

પણ શું કરવું? રહેમતખાન કહે છે કે "વો તો મહોબ્બતકી બાત હૈ!"

# અમારું કિશોર વાચન

**સ્વ. ગિજુભાઈનાં**

| | |
|---|---|
| કિશોરકથાઓ ૧–૨ | ૩·૦૦ |
| રખડુ ટોળી ... | ૪·૫૦ |
| ધર્માત્માઓનાં ચરિતો | ૧·૭૫ |
| ભગવાન બુદ્ધ ... | (છપાશે) |

**શ્રી મૂળશંકર ભટ્ટનાં**

| | |
|---|---|
| સાગરસમ્રાટ ... | ૩·૦૦ |
| સાહસિકોની સૃષ્ટિ | ૪·૫૦ |
| પાતાળપ્રવેશ ... | ૨·૫૦ |
| ખજાનાની શોધમાં | ૨·૫૦ |

**શ્રી નાનાભાઈ ભટ્ટનાં**

[મહાભારતનાં પાત્રો : ૧૬·૦૦]

| | |
|---|---|
| સૂતપુત્ર કર્ણ ... | ૦·૭૫ |
| પાંચાલી ... ... | ૦·૮૮ |
| દુર્યોધન ... ... | ૦·૭૫ |
| ભીમસેન ... ... | ૧·૦૦ |
| અર્જુન ... ... | ૧·૫૦ |
| યુધિષ્ઠિર ... ... | ૧·૦૦ |
| કુંતી–ગાંધારી ... | ૧·૦૦ |
| દ્રોણ-અશ્વત્થામા ... | ૧·૧૨ |
| ભીષ્મ ... ... | ૦·૯૪ |
| ધૃતરાષ્ટ્ર ... ... | ૦·૫૬ |
| મહાભારત કથા ... | ૪·૦૦ |
| શરશય્યા પરથી ... | ૧·૨૫ |

[રામાયણનાં પાત્રો : ૮·૭૫]

| | |
|---|---|
| સીતા ... ... | ૧·૦૦ |
| રાવણ ... ... | ૧·૫૦ |
| હનુમાન–વિભીષણ | ૧·૧૨ |
| ભરત–લક્ષ્મણ ... | ૦·૬૯ |
| કૈકયી–મંદોદરી ... | ૦·૯૪ |
| રામચંદ્ર ... ... | ૩·૫૦ |

| | |
|---|---|
| શ્રીમદ્ લોકભાગવત | ૭·૫૦ |
| ભાગવતકથાઓ ... | ૨·૦૦ |
| આખ્યાયિકાઓ–૧ | ૨·૦૦ |
| આખ્યાયિકાઓ–૨ | ૨·૭૫ |

**શ્રી મોંઘીબેનનાં**

| | |
|---|---|
| બાલરામાયણ ... | ૨·૦૦ |

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની : મુંબઈ–૨**

કેશવબાગ : પ્રિન્સેસ સ્ટ્રીટ : પોસ્ટ બોક્સ નં. ૨૫૧૭

# શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

**સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન : સેટના : ૨૫=૦૦**

૧ ગણપતિ બાપા
૨ ચલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળ૦ બીરબલ–૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો–૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ–રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચોડિયાખાતું
૨૧ મહારાણાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરામના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા !
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાબ્ય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ–૨
૫૪ છેટાં રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતo દીવાલો–૧
૬૨ ઓતo દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ–ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

બાળવાર્તાઓ ૧ થી ૫ ... ... સેટના ... ૧૦-૨૫
બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... ... „ ... ૨-૦૦
બાલસાહિત્ય માળા ( ૮૦ પુસ્તકો ) ... „ ... ૪૦-૦૦
બાલસાહિત્ય ગુચ્છ ( ૨૫ પુસ્તકો ) ... „ ... ૧૪-૦૦
બાલસાહિત્ય વાટિકા-૧ ( ૩૨ પુસ્તકો ) „ ... ૪૨-૫૦
બાલસાહિત્ય વાટિકા-૨ ( ૧૬ પુસ્તકો ) „ ... ૨૩-૫૦
કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦
રખડુ ટોળી ... ૫-૦૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

મહાભારતનાં પાત્રો ( ૧૩ પુસ્તકો ) ... સેટના ... ૨૦-૫૦
રામાયણનાં પાત્રો ( ૬ પુસ્તકો ) ... „ ... ૧૨-૦૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ „ ... ૫-૫૦
શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળ પ્રવેશ ... ૨-૫૦
સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૩-૦૦

## પાંચ વિશિષ્ટ ગ્રંથાવલિઓ

બાલરંજનમાળા...લે૦ શ્રીકાન્ત ત્રિવેદી ... સેટના ૧૫-૦૦
સુબોધ ગ્રંથાવલિ...લે૦ જીવરામ જોષી ... „ ૧૦-૦૦
સોટી-પોઠી ( ૩૦ પુસ્તકો )લે૦ ધનંજય શાહ „ ૪૭-૫૦
જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા „ ૭-૫૦
નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... „ ૮-૦૦

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ